ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા"

# અખબારી યાદી "

**એસ. એસ. સી. પૂરક પરીક્ષા જુલાઈ–૨૦૧૭ની પ્રવેશિકા વિતરણ અંગે.**

રાજયની નોંધાયેલી માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ તથા સંસ્કૃત પાઠશાળાઓના પ્રધાન આચાર્યોને અખબારી યાદીથી જણાવવાનું કે, એસ. એસ. સી. ની પૂરક પરીક્ષા જુલાઈ–૨૦૧૭માં ઉપસ્થિત પરિક્ષાર્થીઓની પ્રવેશિકાનું વિતરણ **તારીખ ૧/૭/૨૦૧૭** ને શનિવાર ના રોજ જિલ્લાના વિતરણ સ્થળો ઉપર **૧૧–૦૦ થી ૧૬–૦૦** કલાક દરમ્યાન કરવામાં આવશે. તો શાળાઓએ મુખત્યારપત્ર રજુ કરી મેળવી લેવા જણાવવામાં આવે છે. વિશેષમાં જે ઉમેદવારોના પરિણામ અનામત રાખવામાં આવ્યા હતાં તેઓની સુનાવણી બાદ પરિણામ જાહેર કરવામાં આવતાં ૧ / ૨ વિષય માં જુલાઈની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા પાત્ર બને છે. તેઓની પ્રવેશિકા સંબંધિત શાળામાં મોકલવામાં આવી છે. આ પૈકીના જે ઉમેદવાર ઉપસ્થિત થવા માંગતા હોય તેઓની પરીક્ષા ફી આચાર્યશ્રીઓએ સ્વિકારી ઉમેદવારોને પ્રવેશિકા સુપ્રત કરવાની રહેશે. એકત્રીત કરેલી પરીક્ષા ફી દિન–૭ માં અત્રેની કચેરીએ ડીમાન્ડ ડ્રાફટથી મોકલી આપવાની રહેશે.

(બી. એસ. પંચાલ)
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્ય.અને ઉચ્ચ.માધ્ય.શિક્ષણ બોર્ડ,
પરીક્ષા વિભાગ
વડોદરા

**સ્થળ :** વડોદરા

**તારીખ :** ૨૮/૬/ ૨૦૧૭

**નકલ સવિનય રવાના :**

(૧) માહિતી નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, બીજો માળ, જૂના સચિવાલય, ગાંધીનગર, જાહેર હિતમાં અખબારી યાદી વિના મૂલ્યે દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરવા વિનંતી સહ.

(૨) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી બિલ્ડીંગ, રાવપુર, વડોદરા તેમજ અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ, જામનગર અને જૂનાગઢને જાણ માટે તેમજ વિના મૂલ્યે ગુજરાત રાજયના તમામ દૈનિક અખબારોમાં લોકહિતે પ્રસિધ્ધ કરવા સારૂ.

**નકલ સવિનય રવાના :**

(૩) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને જાણ સારૂ.

(૪) માનનીય નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને જાણ સારૂ.

(૫) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને જાણ સારૂ.

(૬) આઈ.ટી. કો–ઓર્ડિનેટર શ્રી પ્રશાંત, ગાંધીનગરને બોર્ડની વેબસાઈટ ઉપર પ્રસારિત કરવા સારૂં તેમજ રાજયના તમામ અખબારોમાં પ્રસિધ્ધિ માટે ઈ–મેઈલથી મોકલવા સારૂં.

(૭) રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જાણ તેમજ સ્થાનિક દૈનિક પત્રોમાં પ્રસિધ્ધિ આપવા વિનંતી સહ. તથા **બોડના કર્મચારીઓને વિતરણ સ્થળે હાજર રહી કામગીરી કરવા આદેશ કરવા સારૂ.**

(૮) નિયામકશ્રી, દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદ દૈનિક સમાચારમાં પ્રસિધ્ધિ આપવા વિનંતી સહ.